**અગ્રતા ક્રમ:** **૧૬**

**વિભાગ:** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૧૪૦૮

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૨૦/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક: "અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ હેઠળ શાળાઓમાં પ્રવેશ"**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર:શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા**
**(જમાલપુર–ખાડીયા)**

**અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ હેઠળ શાળાઓમાં પ્રવેશ**

***૧૪૦૮ શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-**

| **ક્રમ** | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર RTE એક્ટ હેઠળ અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા, | (૧) | (નીચે કોષ્ટક) |

| ધો-૧માં RTE હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| જિલ્લો | શૈ.વર્ષ ૨૦૨૨-૨૩ | શૈ.વર્ષ ૨૦૨૩-૨૪ |
| અમદાવાદ શહેર | ૧૦૯૬૨ | ૯૬૪૭ |
| અમદાવાદ | ૧૧૩૨ | ૭૨૦ |

| **ક્રમ** | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૨) | તે પૈકી ઉક્ત જિલ્લામાં આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ હેઠળ કેટલા બાળકોને (૨૫ ટકા લેખે) પ્રવેશ મળવાપાત્ર થતો હતો, અને | (૨) | (નીચે કોષ્ટક) |

| RTE હેઠળ (૨૫ ટકા લેખે) પ્રવેશ મળવાપાત્ર વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| જિલ્લો | શૈ.વર્ષ ૨૦૨૨-૨૩ | શૈ.વર્ષ ૨૦૨૩-૨૪ |
| અમદાવાદ શહેર | ૧૨૬૦૭ | ૧૪૩૨૩ |
| અમદાવાદ | ૧૫૭૫ | ૧૭૫૩ |

| **ક્રમ** | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લામાં કેટલા બાળકોને આર.ટી.ઇ.એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો? | (૩) | (નીચે કોષ્ટક) |

| RTE હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | | |
|---|---|---|
| જિલ્લો | શૈ.વર્ષ ૨૦૨૨-૨૩ | શૈ.વર્ષ ૨૦૨૩-૨૪ |
| અમદાવાદ શહેર | ૧૨૦૬૨ | ૧૦૩૩૨ |
| અમદાવાદ | ૧૨૭૮ | ૭૯૨ |

---

# ૧૬

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૪૦૮**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ:શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ:શ્રી અમિતભાઈ ઠાકર (વેજલપુર)**

---

**પ્રશ્ન-૧** **અમદાવાદ શહેર અને જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માટે કેટલી શાળાઓમાં RTE હેઠળ અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને વિદ્યાર્થી-સહાય યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે અને કેટલો ખર્ચ કરેલ છે?**

**જવાબ :** અમદાવાદ શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા નબળા અને વંચિત જુથના કુલ ૯૨,૦૪૩ બાળકોને તથા વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૭૯,૬૭૪ બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા વિદ્યાર્થી સહાય યોજના (રૂ. ૩૦૦૦/- લેખે) આવરી લેવામાં આવેલ છે.

તેજ રીતે, અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા નબળા અને વંચિત જુથના કુલ ૯૧૮૦ બાળકોને તથા, વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ૭૯૮૬ બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા વિદ્યાર્થી સહાય યોજના (પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦/- લેખે) આવરી લેવામાં આવેલ છે.

આ રકમ સીધી બાળક/વાલીશ્રીના બેંક એકાઉન્ટમાં જિલ્લા કચેરી મારફતે ચુકવવામાં આવે છે. ખર્ચની વિગતો આ મુજબ છે.

| વર્ષ | વિદ્યાર્થી સહાય હેઠળ આવરી લેવામાં આવેલ ધોરણ ૧ થી ૮નાં વિદ્યાર્થીઓની સંખ્યા અને ખર્ચની વિગત | | | |
|---|---|---|---|---|
| | અમદાવાદ શહેર | કરેલ ખર્ચ | અમદાવાદ જિલ્લો | કરેલ ખર્ચ |
| **૨૦૨૨-૨૩** | ૯૨,૦૪૩ | ૨૭.૬૧ કરોડ | ૯૧૮૦ | ૨.૭૫ કરોડ |
| **૨૦૨૩-૨૪** | ૭૯,૬૭૪ | ૨૩.૯૦ કરોડ | ૭૯૮૬ | ૨.૩૯ કરોડ |

**શાળાઓને ફી- રિએમ્બર્સમેન્ટ પેટે વિદ્યાર્થી દીઠ દર વર્ષે રૂ.૧૩,૬૭૫ની મર્યાદામાં ચૂકવણી કરવામાં આવે છે. જેની વિગત આ મુજબ છે.**

| વર્ષ | શાળા ફી- રિએમ્બર્સમેન્ટની વિગત | | | |
|---|---|---|---|---|
| | અમદાવાદ શહેર શાળા સંખ્યા | કરેલ ખર્ચ | અમદાવાદ જિલ્લો શાળા સંખ્યા | કરેલ ખર્ચ |
| **૨૦૨૨-૨૩** | ૧૩૫૧ | ૧૦૦.૮૯ કરોડ | ૧૯૪ | ૮.૧૭ કરોડ |
| **૨૦૨૩-૨૪** | ૧૨૯૮ | ૫૫.૮૯ કરોડ | ૧૯૯ | ૩.૭૮ કરોડ |

# **ફક્ત જાણકારી માટે**

- **રાજ્ય કક્ષાએ RTE હેઠળ છેલ્લા ૨ વર્ષમાં થયેલ ખર્ચની વિગત**

| શૈક્ષણિક વર્ષ | કુલ ફાળવેલ રકમ |
|---|---|
| ૨૦૨૨-૨૩ | **૬૬૨,૩૩,૦૦,૦૦૦/-**<br>(છસો બાસઠ કરોડ તેત્રિસ લાખ) |
| ૨૦૨૩-૨૪ | **૬૭૭,૦૨,૨૭,૦૦૦/-**<br>(છસો સિતોતેર કરોડ બે લાખ સત્તાવિસ હજાર) |

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૪૦૮**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ:શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ:શ્રી અમીતભાઈ શાહ (એલીસબ્રીજ)**

---

**પ્રશ્ન-૨** RTE.**એક્ટ હેઠળ પ્રવેશ મળેવેલ વિદ્યાર્થીને શાળા ફેરબદલી કરી આપવાની જોગવાઈ છે ? અને જો હા, તો કેવી જોગવાઈ કરવામાં આવેલ છે ?**

**જવાબ :**

હા જી,

- રાજ્ય સરકાર દ્વારા જે વાલીને મુખ્યમંત્રી આવાસ યોજના કે અન્ય સરકારી આવાસ યોજનામાં આવાસ મળેલ હોય, અન્ય સંજોગોના કારણે રહેઠાણ બદલવું પડ્યુ હોય,
- અંગ્રેજી કે અન્ય માધ્યમમાં પ્રવેશ બાદ ભણવામાં મુશ્કેલી હોય,
- ગંભીર માંદગી જેમ કે હૃદય , કીડની, કેન્સર જેવી ગંભીર બિમારી હોય,
- માતા-પિતાના છૂટાછેડા, માતા-પિતા પૈકી એકનું અવસાન વગેરે કારણોસર જરૂરી આધાર-પુરાવા મેળવી
- જિલ્લાની અંદર તેમજ અન્ય જિલ્લામાં શાળા ફેરબદલી કરી આપવામાં આવે છે.

| શૈ. વર્ષ | જિલ્લાની આંતરીક શાળા ફેરબદલનો લાભ આપેલ વિદ્યાર્થીઓની સંખ્યા | અન્ય જિલ્લા માંથી આવેલ વિદ્યાર્થીઓને શાળા ફેરફારનો લાભ આપેલ હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| | **અમદાવાદ શહેર** | |
| ૨૦૨૨-૨૩ | ૧૯૮ | ૧૩૨ |
| ૨૦૨૩-૨૪ | ૩૩૧ | ૧૦૧ |
| | **અમદાવાદ જિલ્લો** | |
| ૨૦૨૨-૨૩ | ૪૪ | ૦૫ |
| ૨૦૨૩-૨૪ | ૧૭ | ૧૨ |

## પુરક પ્રશ્નો:-

**પ્રશ્ન-૧ RTE હેઠળ પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓ કરતા હાલ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવા પાછળના કારણો શા છે ?**

**જવાબ :**

- RTE હેઠળ પ્રવેશ મેળવ્યા બાદ વાલીશ્રીનું રોજગાર તેમજ અન્ય કારણોસર અન્ય જિલ્લામાં સ્થળાંતર કરવાના સંજોગો ઉપસ્થિત તથા એક જિલ્લામાંથી અન્ય જિલ્લામાં RTE હેઠળ પ્રવેશ મેળવે છે.
- RTE હેઠળ પ્રવેશ મેળવવા માટે નિયત થયેલ જોગવાઈ મુજબ વાલીનાં રહેઠાણથી ૬ કિ.મીની ત્રીજ્યાવર્તી અંતરમાં આવતી ખાનગી શાળાઓમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. પ્રવેશ મળેલ શાળા વાલીશ્રીને દુરના અંતરની લાગતી હોવાના કારણે RTE હેઠળ મળેલ પ્રવેશ સ્વેચ્છાએ રદ કરી અન્ય પોતાની મનગમતી શાળામાં પ્રવેશ મેળવે છે.
- બાળકના ભાઈ/બહેન જે શાળામાં અભ્યાસ કરતા હોય તેવી શાળા આર.ટી.ઈ હેઠળ ન મળવાના કારણે ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવતો નથી.
- પ્રવેશ મેળવ્યા પછીના વર્ષોમાં વાલીશ્રીની આવક નિયત આવક મર્યાદા કરતા વધી જવાના સંજોગોમાં સ્વેચ્છાએ પ્રવેશ રદ કરી અન્ય શાળામાં પ્રવેશ મેળવે છે.
- બાળકે પસંદ કરેલ શાળાઓ પૈકી અગ્રતાક્રમ મુજબ આર.ટી.ઈ હેઠળ શાળા ફાળવવામાં આવે છે. આથી, ઘણીવાર પ્રથમ ક્રમની પસંદ કરેલ શાળાને બદલે પછીના ઉતરતા ક્રમની પસંદ કરેલ શાળા ફાળવાય છે. પરંતુ, બાળક પસંદ કરેલ પ્રથમ ક્રમની જ શાળામાં પ્રવેશ મેળવવાનો આગ્રહ રાખતા હોઈ ફાળવેલ શાળામાં પ્રવેશ મેળવતો નથી.

ચાલુ વર્ષે વાલીશ્રીના આવકના દાખલા સાથે ઈન્કમ ટેક્સ રીટર્ન તેમજ આવક વેરા પાત્ર આવક ન થતી હોવા અંગેનુ સ્વ–ઘોષણાપત્ર વાલીશ્રી દ્વારા રજુ કરવાની જોગવાઈના કારણે પ્રવેશની સંખ્યામાં ઘટાડો થયેલ છે. તથા, સાચા અને ખરેખર જરૂરીયાતમંદ બાળકો સુધી RTE યોજનાનો લાભ પહોંચાડી શકાયેલ છે.

**પ્રશ્ન–૨ RTE પ્રવેશ માટે કરવાની થતી અરજી નામંજુર કરવાનાં કારણો ક્યા–ક્યા છે?**

**જવાબ :**

- અરજી નામંજુર કરવાનાં કારણો આ મુજબ છે:

1. વાલીશ્રી નિયત આવકમર્યાદા કરતાં વધુ આવક ધરાવતા હોય.
2. જે તે કેટેગરીનો સક્ષમ અધિકારીનો દાખલો રજુ કરેલ ન હોય.
3. નિયત કરતાં બાળકની વય વધારે/ઓછી હોય
4. રહેઠાણ માટે ભાડાનાં મકાનનાં કિસ્સામાં રજિસ્ટર્ડ ભાડાકરાર રજૂ કરેલ ન હોય.
5. સક્ષમ અધિકારીનો આવકનો દાખલો રજુ કરેલ ન હોય.
6. જરૂરી આધારો સાથેની ઓનલાઈન અરજી કરેલ ન હોય.

**પ્રશ્ન–૩ અમદાવાદ શહેર અને જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ માટે RTE હેઠળ અભ્યાસ કરતા કેટલા વિદ્યાર્થીઓને વિદ્યાર્થી સહાય યોજના (પ્રતિવર્ષ રૂ.૩૦૦૦/– લેખે) હેઠળ આવરી લેવામાં આવેલ છે.?**

**જવાબ :** અમદાવાદ શહેરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા નબળા અને વંચિત જુથના કુલ ૯૨,૦૪૩ બાળકોને તથા, વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૭૯,૬૭૪ બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા વિદ્યાર્થી સહાય યોજના (રૂ. ૩૦૦૦/– લેખે) આવરી લેવામાં આવેલ છે.

તેજ રીતે, અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઈ હેઠળ ખાનગી શાળાઓમાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા નબળા અને વંચિત જુથના કુલ ૯૧૮૦ બાળકોને તથા, વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ ૭૯૮૬ બાળકોને પુસ્તકો, સ્કુલ બેગ, ગણવેશ, બુટ તથા પરિવહન ખર્ચ અને અભ્યાસને આનુસંગિક વસ્તુઓ ખરીદવા વિદ્યાર્થી સહાય યોજના (પ્રતિવર્ષ રૂ. ૩૦૦૦/– લેખે) આવરી લેવામાં આવેલ છે.

આ રકમ સિધી બાળક/વાલીશ્રીના બેંક એકાઉન્ટમાં જિલ્લા કચેરી મારફતે ચુકવવામાં આવે છે.

| **વર્ષ** | **વિદ્યાર્થી સહાય હેઠળ આવરી લેવામાં આવેલ ધોરણ ૧ થી ૮નાં વિદ્યાર્થીઓની સંખ્યા** | |
|---|---|---|
| | **અમદાવાદ શહેર** | **અમદાવાદ જિલ્લો** |
| **૨૦૨૨–૨૩** | ૯૨,૦૪૩ | ૯૧૮૦ |
| **૨૦૨૩–૨૪** | ૭૯,૬૭૪ | ૭૯૮૬ |

**પ્રશ્ન–૪ (અ) અમદાવાદ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪ માં આર.ટી.ઈ પ્રવેશ માટે કેટલી જગ્યાઓ ઉપલબ્ધ હતી ?**

**(બ) તે પૈકી કુલ કેટલી અરજી મળી ? તે પૈકી માન્ય અને અમાન્ય અરજી કેટલી હતી ?**

**(ક) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે ?**

**જવાબ :**

(અ) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ અંતર્ગત ૨૫% મુજબ ધોરણ–૧માં ૧૨,૬૦૭ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૪,૩૨૩ જગ્યાઓ ઉપલબ્ધ હતી.

અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં આર.ટી.ઇ હેઠળ પ્રવેશ અંતર્ગત ૨૫% મુજબ ધોરણ–૧માં ૧૫૭૫ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૭૫૩ જગ્યાઓ ઉપલબ્ધ હતી.

(બ) અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૪૨,૧૯૧ અરજીઓ મળેલ જે પૈકી ૩૨,૫૪૫ અરજીઓ માન્ય તથા ૯૬૪૬ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ. જ્યારે, વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૭,૫૬૨ અરજીઓ મળેલ જે પૈકી ૧૩,૦૬૭ અરજીઓ માન્ય તથા ૪૪૯૫ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ

તેજ રીતે, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૮૭૮ અરજીઓ મળેલ જે પૈકી ૨૭૫૭ અરજીઓ માન્ય તથા ૧૧૨૧ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ. જ્યારે, વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૪૪૭ અરજીઓ મળેલ જે પૈકી ૯૮૫ અરજીઓ માન્ય તથા ૪૬૨ અરજીઓ વિવિધ કારણોસર અમાન્ય કરવામાં આવેલ

(ક) માન્ય અરજીઓ પૈકી અમદાવાદ શહેરમાં વર્ષ ૨૦૨૨–૨૩માં માન્ય અરજીઓ પૈકી ૧૨,૦૬૨ વિદ્યાર્થીઓએ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૦,૩૩૨ વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે.

તેજ રીતે, અમદાવાદ જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં માન્ય અરજીઓ પૈકી ૧૨૭૮ વિદ્યાર્થીઓએ તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૭૯૨ વિદ્યાર્થીઓએ RTE હેઠળ પ્રવેશ મેળવેલ છે.

**અગ્રતા ક્રમઃ(૧૬)**

**(૧) શ્રી અમિતભાઈ ઠાકર (વેજલપુર)**

**(૨) શ્રી અમીતભાઇ શાહ (એલીસબ્રીજ)**